# ૧૭૭

નાનાં નાનાં બાળકો અમે, શ્રીજીને રાજી કરીએ જી રે...
સૌના પ્યારા સાહેબજીને, આજે રાજી કરીએ જી રે...
નાનાં નાનાં બાળકો અમે...

ધૂન, ભજનની રમઝટથી, અમે ભક્તિ અર્પણ કરીએ,
ઢોલક, તબલાં, મૃદંગ નાદથી, સ્મરણ તારું કરીએ,
જ્ઞાન, ગોષ્ઠીનો લ્હાવો લઈને, જીવન સમૃદ્ધ કરીએ... (૨)
નાનાં નાનાં બાળકો અમે...

બાળસખા સૌ સાથે રહીને, રમત-ગમ્મત રમીએ,
પ્રેમભાવથી ભેગા રહીને, સાચી સંગત કરીએ,
હાર-જીતને પડતી મૂકી, આનંદ કિલ્લોલ કરીએ... (૨)
નાનાં નાનાં બાળકો અમે...

થાળ-આરતી જયનાદોથી, મંદિર ગુંજતાં કરીએ,
શ્રીપતિમ શ્લોક ગાઈને, પૂર્ણાહુતિ કરીએ,
ગુરુજનોને પ્રણામ કરી, પ્રસાદ અમે લઈએ... (૨)

નાનાં નાનાં બાળકો અમે, શ્રીજીને રાજી કરીએ જી રે...
સૌના પ્યારા સાહેબજીને, આજે રાજી કરીએ જી રે...
નાનાં નાનાં બાળકો અમે...